IN-GJ38277605774214X

NOTARY
J. K. SENJALIYA
AMRELI
GUJARAT STATE
REGD NO. 12862/17
EXPIRY DT. 07-02-2027
GOVERNMENT OF INDIA

सत्यमेव जयते

# INDIA NON JUDICIAL

# Government of Gujarat

## Certificate of Stamp Duty

Sr. No. 2276/186
Book No. 1
Page No. 186
Date : 12/6/2025

| | | |
|---|---|---|
| Certificate No. | : | IN-GJ38277605774214X |
| Certificate Issued Date | : | 12-Jun-2025 12:47 PM |
| Account Reference | : | CSCACC (GV)/ gjcsceg07/ GJ-AMSHA0202/ GJ-AM |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJCSCEG0784539308591542X |
| Purchased by | : | VIRAL CHANDRAKANTBHAI VAISHNANI |
| Description of Document | : | Article 5(h) Agreement (not otherwise provided for) |
| Description | : | AGREEMENT WITH CONTRACTOR |
| Consideration Price (Rs.) | : | 0<br>(Zero) |
| First Party | : | AMRELI DIST PRATHMIK SHIKSHKONI SHARAFI MANDALI LI |
| Second Party | : | ARK ENTERPRISE |
| Stamp Duty Paid By | : | AMRELI DIST PRATHMIK SHIKSHKONI SHARAFI MANDALI LI |
| Stamp Duty Amount(Rs.) | : | 300<br>(Three Hundred only) |

NOTARY
J. K. SENJALIYA
AMRELI
GUJARAT STATE
REGD NO. 12862 / 17
GOVERNMENT OF INDIA

કોટડીયા ડી.એમ. કાવઠીયા નરેશ
Dabhi P.R.
[illegible]

CSC GUJARAT
GJSHAMAHU202U

PF 0004225398

Statutory Alert:
1. The authenticity of this Stamp certificate should be verified at 'www.shcilestamp.com' or using e-Stamp Mobile App of Stock Holding. Any discrepancy in the details on this Certificate and as available on the website / Mobile App renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

કોટડીયા ડી.એમ. કાવઠીયા નરેશ
Dabhi P.R.
[illegible]

Sr. No. 2276/186
Book No. 1
Page No. 186
Date: 12/6/2025

# -: બાંધકામ કરવાનો કરાર :-

પ્રથમ પક્ષે : લખાવી લેનાર

અમરેલી જીલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડલી લી.- અમરેલી. વતિ

(૧) શ્રી ધીરજલાલ બાબુભાઇ કોટડીયા, પ્રમુખશ્રી.

(૨) શ્રી પ્રતાપભાઇ રાણીંગભાઇ બસીયા, ઉપાધ્યક્ષશ્રી.

(જેઓને હવે પછી આ બાંધકામ કરાર માં તમામ સ્થળે "પ્રથમ પક્ષ" અથવા "લખાવી લેનાર" તરીકે સંબોધવામાં આવશે)

જોગ બીજા પક્ષે : લખી આપનાર

ARK Enterprise. વતિ

(૧) શ્રી નરેશભાઇ મનસુખભાઇ કાવઠીયા

(૨) શ્રી વિજયભાઇ વેલજીભાઇ આખજા

(જેઓને હવે પછી આ બાંધકામ કરાર માં તમામ સ્થળે "બીજા પક્ષ" અથવા "લખી આપનાર" તરીકે સંબોધવામાં આવશે)

જત લખાવી લેનાર, અમો મોજે. અમરેલી જીલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડલી લી.- અમરેલી.મોજે અમરેલી, તા. & જી.-અમરેલી-૩૬૫૬૦૧. માં રહેણાકી ખુલ્લી અને ખાલી જમીન ધારણ કરીએ છીએ. સદરહુ ઉપરોક્ત મિલકત માં પ્રતિ ચો. ફુટ..રૂ-૧૪૩૬/- પ્રમાણે આશરે ૨૭૮૬ ચો. ફુટ પાયા માથી સંપૂર્ણ બાંધકામ કરી આપવામા આવશે. જે સંપૂર્ણ બાંધકામ કુલ આશરે ૪૦,૦૦,૦૦૦/- અંકે રુપિયા ચાલીસ લાખ પુરા માં બાંધકામ પૂર્ણ કરી આપવા માંગતા હોય તે અંગે લેખિત કરાર ની જરૂરિયાત ઉપસ્થિત થતાં આજ રોજ આ કરાર નીચેની શરતોએ બાંધકામ કરાર કરીએ છીએ, જેની પેમેન્ટ ની વિગત નીચે પ્રમાણે રહેશે.

નોંધ – આપેલ ભાવ GST વગરના છે,જી.એસ.ટી સાથેના બિલમા ૧૮% જી.એસ.ટી અલગથી આપવનો રહેશે.

1. કામ શરૂ થતાં પહેલા – ૦૫%
2. પ્લીન્થ લેવલે - ૧૦%
3. પ્રથમ લિન્ટલ લેવલે- ૧૦%
4. પ્રથમ સ્લેબ લેવલે - ૧૫%
5. બિજા લિન્ટલ લેવલે – ૧૦%
6. બિજા સ્લેબ લેવલે – ૧૫%
7. પ્લાસ્ટર લેવલે – અંદર ૧૦%
8. પ્લાસ્ટર લેવલે – બહાર ૧૦%
9. ટાઇલ્સ ફિનિશિંગ કામ લેવલે ૧૦%
10. સંપૂર્ણ બાંધકામ બાદ - ૦૫%

નોંધ – કામ પુર્ણ થયે પાક્કુ માપ કરી આખરી પેમેન્ટ ચુકવવાનું રહેશે.

ઉપરોક્ત હકીકતે આપણે પક્ષકારો વચ્ચે આ બાંધકામ કરાર નો અમલ કરી કરાવી એકબીજાને સાથ સહકાર આપવાનો રહેશે. તથા બને પક્ષકારો ના વારસદારો એ આ કરાર નો અમલ કરવાનો રહેશે.

કોટડીયા ડી.બી. કાવઠીયા નરેશ
Basiya P.R.
વિજયકુમાર વેલજીભાઈ આખજા

## પરિશિષ્ઠ – અ

**મટિરિયલ ની વિગત**

- ઈંટ - સારી ગુણવતાની વાપરવાની રહેશે.
- સિમેન્ટ - હાથી + અંબુજા + અલ્ટ્રાટેક +જે.કે.(૩ મહિના થી વધારે જુની ન હોવી જોઈએ.)
- રેતી – શેત્રુંજી ( ધોયેલી)
- લોખંડ-આઈ.એસ.આઈ માર્કા વાળુ, ટી.એમ.ટી. કામધેનુ/ફ્રેન્ડ્સ

**બાંધકામનું સ્પેસિફીકેશન**

પ્લોટ એરિયા મા આશરે ૨૮૦૦ ચો. ફૂટનું બાંધકામ થાય છે જે આર્કિટેકના બિલ્ડીંગ તથા સ્ટ્રક્ચર ડ્રોઈંગ મુજબનું બાંધકામ પૂર્ણ કરી આપવાનું રહેશે.

**સિવિલ વર્ક:**

- પાયાની ઊંડાઈ પ્લાન પ્રમાણે લંબાઈ x પહોળાઈ ના ૪ ફૂટ સુધીના ઊંડાણ ના ખાડા ટાંચ ની અંદર ૪ ફૂટ સુધી કરવામાં આવશે. (કૉલમ માટે). ૪ ફૂટથી વધારે ઉંડાઇ થાય તો ખાડા અને કોલમનું માપ આઇટમ રેટમાં ગણાશે.
- રેતી પ્લાસટર + આર.સી.સી માં પ્લાન્ટ મા ધોયેલી શેત્રુજીની ધોયેલી રેતી વાપરવામાં આવશે.
- જેમાં ડોગલા માથી નીકળેલ માટી માંથી મોરમ ભરતી ના પુરાણ કરવામાં આવશે, તેમાથી નીકળેલ કાળી માટી નો વપરાશ કરવામાં આવશે નહીં.
- ખોદાણ માંથી નિકળેલ કાળી માટી નો નિકાલ કરી આપવાનો રહેશે.
- પાયાના કૉલમ કરવામાં પ્રથમ PCC કરવામાં આવશે.
- પાયામાં OPC સિમેન્ટ વાપરવાની રહેશે.
- પ્લીન્થ લેવલ ભરતી રાબીટ અથવા મોરમ થી કરવામાં આવશે જે કોન્ટ્રાકટરે લાવવાની રહેશે
- પ્લીન્થ ની હાઇટ 3' ૦° સુધીની પ્લાન પ્રમાણે કરવામાં આવશે.
- ભરતી માં ઊધઈ ની દવા નાખવામાં આવશે.
- પ્લીન્થ ભરતી ને ધુમ્મસ મારીને પાણી મૂકીને ભરતી પુરાણ કરવામાં આવશે.
- PCC ૪" ની જાડાઈ નું કરી આપવમાં આવશે.
- લિન્ટલ મથાળું ૮ ફૂટ ની હાઇટ નું કરવામાં આવશે.
- લિન્ટલ માં 4 નંગ 10 mm ના સળિયા ૬" ના સેંટરે 6 mm લોખંડ ની રિંગ બાંધવી.
- સ્લેબ મથાળું 12 ફૂટ સુધીનું કરી આપવામાં આવશે. જે ફ્લોર હાઇટ થી કરવાની રહેશે.
- ટોપ ના સ્લેબ માં રૂફ સ્પેશ્યલ સિમેન્ટ વાપરવાની રહેશે.
- જાળી, કૉલમઅને બીમ માં સ્ટ્રક્ચર પ્લાન પ્રમાણે સ્ટીલ બાંધવામાં આવશે.
- RCC કામ સ્ટ્રક્ચર પ્લાન મુજબ કરવામાં આવશે. તથા ઓપિસી સિમેન્ટ વાપરવામાં આવશે.
- RCC કામ માં વાઈબ્રેટર નો ઉપયોગ કરવામાં આવશે જેમાં થોડું રફ નીકળી શકે છે જેની કોઈ જવાબદારી નથી.
- સ્લેબ માં LW+ (ડો ફિક્ષિટ) કેમિકલ વાપરવામાં આવશે.
- સ્લેબ માં સ્ટ્રક્ચર પ્લાન પ્રમાણે નું 1 way તથા 2-way સ્ટીલ બાંધવાનું રહેશે.
- RCC (M:20) માલ બનાવવામાં 1(સિમેન્ટ): ૩ (કપચી): ૧૫ (રેતી) નો રેશિયો જાળવવાનો રહેશે (૧:૫ ...)
- ચણતર નો માલ બનાવવામાં 1(સિમેન્ટ) : 5 (રેતી) રેશિયો જાળવવાનો રહેશે.
- પ્લાસ્ટર નો માલ બનાવવામાં 1(સિમેન્ટ) : 4 (રેતી) નો રેશિયો જાળવવાનો રહેશે.
- પ્લાસ્ટર માં અંદરની સાઈડ ઠઈયા મારી ને (વ્યવસ્થિત) બેકિંગ પ્લાસ્ટર કરીયા બાદ ટાઈલ્સ લગાવી ને ફિનશ

કોઠડિયા ડી.જી Barbu P.R. કાવડીયા નરેશ

કરવામાં આવશે.

- બહાર ના પ્લાસ્ટર માં ડબલ કોટ પ્લાસ્ટર પંચ વાળું સરફેસ અથવા સાદું મલાડ કરી આપવઆમાં આવશે.
- પારાપેટ ૩' 0" ની કરવાની રહેશે.
- ૩ બાથરૂમ ઉપર તથા નીચેના ફ્લોર માં સ્ટોર પર જરૂરિયાત પ્રમાણે માળીયા કરી આપવામાં આવશે.
- લિન્ટલ નાં છજા સ્લેબ એરીયા ના માપમાં ગણવામાં નહીં આવે.
- સ્લેબમાં આવતાં કટ આઉટ માપમાં બાદ આપવામાં આવશે નહીં.

## ફ્લોરિંગ કામ

- ફ્લોરિંગ માટે વિટિફાઈ ૨૪" X ૪૮"/ ~~૪૮~~" X ~~૪૮~~" ૨૪ X ૨૪ (રુપિયા પ્રતિ ચો.૫૫ થી ૬૫ સુધીની) ટાઈલ્સ ફીટીંગ કરવામાં આવશે (ગ્રુવ વગરનું સાદું ફીટીંગ), ગ્રુવ ના અલગથી ભાવ આપવાના રહેશે,અને આપેલ માપ કરતા મોટા માપની વિર્ટીફાઈ નાખવાની થશે તો વધારા ની તફાવત રકમ કામ આપનારે ચુકવવાની થશે.
- ફ્લોરિંગમાં 3" નું સાઈડ સ્કર્ટિંગ લગાડવામાં આવશે (ગ્રુવ વગરનું),- ફ્લોરિંગ ટાઈલ્સ નું જ,
- બાથરૂમ માં ટોપ સુધી ગ્લેઝ ટાઈલ્સ ફીટીંગ કરવામાં આવશે. (૨૦૦ રુપિયા પ્રતિ બોકસ સુધીની)
- બાથરૂમ માં વોટર પ્રૂફ ટાઈલ્સ ૧૨" X ૧૮" ની (N.S.A)સિમેંટ થી લગાડવાની રહેશે. (૨૦૦ રુપિયા પ્રતિ બોક્સ સુધીની)
- જરુર જણાય તો ગ્રેનાઈટ ફ્રેમ ડબલ દાતા ની કરવામાં આવશે જેને ૪ હાથ મારી મોલ્ડિંગ (પૉલિશ) કરવામાં આવશે.
- બારી દરવાજાની ફ્રેમ ગ્રેનાઈટ ની ૧૨૦=૦૦ રુ પ્રતિ ચો. ફુટ સુધીનો નાખી આપવામાં આવશે.
- પ્લેટફોર્મ ટોપ માં ટેલિફોન ગ્રેનાઈટ ૧૫૦=૦૦ સુધીનો અને નીચે કોટા નો સેન્ડવિચ પ્લેટફોર્મ બનાવી આપવામાં આવશે, નીચે કોટા માર્બલ ના પાયા ઊભા પ્લાન પ્રમાણે કરવામાં આવશે.
- પ્લેટફોર્મ માં 24" x 18" ની એસ. એસ. સિંક ફીટીંગ કરી આપવામાં આવશે. (૧૫૦૦=૦૦ થી ૨૦૦૦=૦૦ સુધીની),
- દાદર ટપા માં પત્થર લગાડી આપવામાં આવશે. (૧૫૦-૧૮૦ રુપિયા પ્રતિ ચો.ફૂટ સુધીન)
- દાદર ટપ્પા ના પત્થર 1 માં સેંન્ડવીચ ટપ્પા લગાવવાનાં રહેશે.
- રસોડા ની દીવાલ માં સ્લેબ સુધી 48" X 24 " ની ટાઈલ્સ ગ્રુવ સાથે (N.S.A)સિમેંટ થી ફીટીંગ કરવામાં આવશે. (૩૨-૪૩ રુપિયા પ્રતિ યો. ફૂટ સુધીની)
- તમામ બેડ રૂમ, રસોડા તથા મંદિર મા મારબલનાં કબાટ બનાવિ આપવાના રહેશે,
- બાથરુમ ની અંદર જરુર મુજબ સેલ્ફ, લગાવવી આપવાના રહેશે.
- પાછળ ના વોશ એરિયામાં દિવાલની હાઈટ માં ટાઈલ્સ લગાડવામાં આવશે (12"X 18") (200 રુપિયા પ્રતિ બોક્સ સુધીની)
- પાર્કિંગ, પાછળ નું વોશ એરીયા માં ૧૬" X ૧૬" ની ટાઈલ્સ લગાડવાની રહેશે, (૨૫૦ રુપિયા પ્રતિ બોક્સ સુધીની)
- ચોકડી માં પથાર નાખી આપવાનો રહેશે.

## જનરલ ફીટીંગ

- અગાસી પર ૧ X ૧૦૦૦ લિટર ની ક્ષમતા નો પી.વી.સી. ટાકો ફિટ કરવામાં આવશે.
- અગાસી માં ચાઈના મોજેક અથવા ડેમ પ્રુફ કલર થી વોટર પ્રુફીંગ કરી આપવાનુ રહેશે.
- અગાસીની પારપેટ માં સિરિજ ફિટ કરવા માટે હુ મારી આપવા ના રહેશે.
- બધા બેડ રૂમ, રસોડાની છતમાં ૫ હુક, તથા હોલ ની છતમાં ૬ હુક કરી આપવાનાં રહેશે.
- તમામ છજા માં જરુર મુજબ હુક મુકિ આપવાનાં રહેશે.

- મેનહોલ FRC ના મૂકવાના આવશે જેમાં અંડર ગ્રાઉન્ડ ટાકા ઉપર ૩ ટન સુધી ના મૂકવાના રહેશે.

  1 x 1 ફૂટ ના 500=00

  1.5 x 2 ફૂટ ના 1200=00

  2 x 2 ફૂટ ના 1600=00

**બારી – દરવાજા ની વિગત**

- દરેક ફ્લશ ડોર મા સનમાઈક, સાથે, હાલ્ડ્રાપ, સ્ટોપર, મેગનેટ, મિજાગરા (SS) ફીટીંગ કરી આપવામાં આવશે(૨૦૦૦/= પ્રતિ શીટ, લેમિનેટ)(ફ્લશ ડોર, Grade BWP-710, ISI, 35MM-150 Rs/Sq. Ft.)
- બાથરુમ મા ફ્લશ ડોર લગાવી આપવા ના રહેશે. (Grade BWP-710, ISI)
- તમામ બારીઓ 1.5 Mm Thick, Z Operable Domal (Alu. Section) ની ગ્રિલ સાથે ઓપેનેબ્લ કરી આપવાની રહેશે.

**જનરલ વિગત**

- કામની આગળ પાછળ પાણી છાંટવાની જવાબદારી કામ રાખનાર ની રહેશે.
- કામ ની જગ્યાએ ચા-પાણી ની જવાબદારી કામ રાખનાર ની રહેશે.
- કામ ની જગ્યાએ લાઈટ અને પાણીની વ્યવસ્થા કામ આપનારે કરી આપવાની રહેશે.
- આર્કિટેક -સ્ટ્રક્ચર પ્લાન પ્રમાણે કામ થયું ના હોય તો તોડફોડ અને માલ સામાન ની જવાબદારી કામ રાખનાર ની રહેશે અને ફરીથી નવું કરી આપવાનું રહેશે.
- કરેલ કામ માં આગળ પાછળ પ્લાન મા ફેરફાર થાય તો ભાંગતોડ તથા એક્સ્ટ્રા માલ મજૂરી નો ભાવ ગણાશે.
- કામ ના સ્થળ પર મજૂર તથા કારીગર અને અન્ય વ્યક્તિ ની સલામતી ની જવાબદારી કામ રાખનાર ની રહેશે.
- કામ નું પેમેન્ટ ઉપર જણાવ્યા મુજબ કરવામાં આવશે.
- કામ ની સમય મર્યાદા ૮ થી ૯ મહિના માં પૂરું કરવાની રહેશે (આકસ્મિક અને કુદરતી સંજોગો સિવાય).
- નક્કી કરેલ સ્લેબ એરિયાનું કામ પ્લાન મુજબ કરી આપવામાં આવશે જેમાં ટેન્ક, ટાંકા, કમ્પાઉન્ડ, રેમ્પ - પગથિયાં, સેપ્ટીક ટેંક, પોર્ચ એરીયા નો સમાવેશ થશે નહી. આ ઉપર મુજબ નું એક્સ્ટ્રા કામ સ્લેબ અરીયાના ભાવમાં ગણાશે નહી.(આઈટમ રેટથી ગણવામાં આવશે.)
- સ્લેબ એરિયાની બહાર આવતું કામ આઇટ્મ રેટમાં અલગ થી ગણાશે.
- ઈલેક્ટ્રિક તથા પ્લમ્બિંગ – ડ્રેનેજ કામ પુરુ થયા પછી દરેક જરી ફિનીશીંગ કરવાની રહેશે.
- કમ્પાઉન્ડ વોલ- જુના પાયા ઉપર બિમ ભરીને ૪ થી ૪.૫ ફુટ ઉંચાઈ સુધી કરી આપવાની રહેશે, આગળની કમ્પાઉંન્ડ દિવાલ ને કમીટી દ્વારા નક્કી કરવામાં આવે તેવી સારી ડિજાઈનમાં કરી આપવાની રહેશે જેને અલગ થી આઈટમ રેટ, થી ભાવ આપવામાં આવશે. તમામ કમ્પાઉન્ડ વોલ- જુના પાયા ઉપર બિમ ભરીને આઈટમ રેટમાં ગણાશે.

**ઈલેક્ટ્રીક તથા પ્લમ્બિંગ ની વિગત**

- ISI માર્કા વાળી સારી કંપની ના પાઇપ અને કનસિલ બોક્સ સ્લેબ અને દિવાલમાં પ્લાન મુજબ ફિટ કરી આપવામાં આવશે.(વાયર તથા સ્વિચ બોર્ડ અને ફિટીંગ મજુરી નો સમાવેશ થશે નહી)
- સંડાસ, બાથરુમનાં ટબ,બોખરા તથા નળ ફુવારા ફિટિંગ, જેનો માલ-સામન કામ આપનાર (મકાન માલીકે) આપવાનો રહેશે.
- ISI માર્કા વાળી સારી કંપની PVC & UPVC પાઈપ મા ફિટિંગ કરી આપવાનું રહેશે.
- દિવાળી મા સિરીજ લગાવવા માટે પ્લગ તથા સ્વિચ ની વ્યવશથા કરવી.
- બધા બેડ રુમમાં એસી, ના પોઈન્ટ માટે હોલ મુકવા.
- ફળીયામાં બુટ-ચંપલ નું ખાનુ બનાવવું.

વિજયકુમાર ... 

કોટડિયા ડી.જી Basiya P.R - કાવઠીયા નરેશ

- પાછળ બગિયા માટે નગર પાલિકા તથા દાર ના પાણી માટે વાલ્વ મુકવા.
- આગાશીમાં લેમ્પ ના પોઇંટ મુકવા.
- સેફ્ટી ટેંક માં ઊપર એક પાઈપ મુકવો.
- પ્લમ્બિંગ અને ઈલેક્ટ્રીક ફીટિંનો પ્લાન કામ આપનારે આપવાનો રહેશે.

**નોંધ:-**

- મકાનનું કલર કામ, ફર્નિચર કામ તથા ફેબ્રિકેશન કામ આ કોન્ટ્રાકટ માં ગણવામાં આવશે નહી.
- ૧૮% જી.એસ.ટી.ની રકમ ભાવ સિવાય અલગ થી આપવાની થશે.
- પીસીસી માં સ્ટીલ આવે નહી,ખાસ કરીને ફુટીંગ માટે
- કટ આઉટ સ્લેબ એરિયા માથી બાદ થશે નહીં.
- પાણી અને પાવર પુરા પાડવાની જવાબદારી કામ આપનારની રહેશે.
- સ્લેબ એરિયા બહારનું તમામ કામ એક્સ્ટ્રા કામ માં ગણવામાં આવશે.
- દિવાલ માટે કમ્બાઈન્ડ પુટીંગ કે બિમ ની જરુર રહેતી નથી.જો કરવાના થશે તો તે એક્સ્ટ્રા કામમાં ગણાશે.
- કોલમ ખાડાંની સાઇઝ ૫*૫ ની જ રહેશે. પ્લાનમાં વધારે માપ હોય તે મુજબ નહી રહે.
- વિર્ટીફાઇ/સ્ટાઈલ કામ આપનાર પસંદ કરે તે અમો કામ રાખનાર ખરીદી કરીને નાખી દઈશું.
- સ્લેબ એરિયા સિવાયનું તમામ કામ એક્સ્ટ્રા કામમાં ગણવામાં આવશે.

**એક્સ્ટ્રા કામ નો ભાવ માલ સાથે**

- ડોગલા ખોદાણ - 1 નંગ ના 1000=00 રૂપિયા
- ખોદાણ 1 ચો. ફૂટ ના 09=00 રૂપિયા
- કોલમ/બીમ ના 400=00 પ્રતિ રનીંગ ફૂટ - ૯" X ૧૨" સુધી
- ચણતર – 140=00 પ્રતિ ચો. ફૂટ
- પ્લાસ્ટર - 50=00 પ્રતિ ચો. ફૂટ
- સ્લેબ - 200=00 પ્રતિ ચો. ફૂટ
- પડદી - 200=00 પ્રતિ ચો. ફૂટ
- કોપિંગ – 200=00 પ્રતિ રનીંગ ફૂટ-૫" X ૯" સુધી
- PCC - 100=00 પ્રતિ ચો. ફૂટ
- લિન્ટલ - 100=00 પ્રતિ રનીંગ ફૂટ






લખાવી લેનાર

લખી આપનાર

BEFORE ME

J.K. SENJALIYA
NOTARY
GOVT. OF INDIA

12 JUN 2025

ARK Enterprise
+91 94080 95959

## AJPSSS Mandali Slab Measurement

| No. | Description | No. | Lenth | Width | Total | Unit |
|---|---|---|---|---|---|---|
| 1 | Ground Floor | 1 | 7.00 | 14.33 | 100.31 | |
| | | 1 | 44.33 | 30.75 | 1363.15 | |
| | | 1 | 4.00 | 33.75 | 135.00 | |
| | | 1 | 3.00 | 3.00 | 9.00 | |
| | | G.F Slab Area...(A) | | | **1607.46** | **SqFt** |
| 2 | First Floor | 1 | 7.00 | 14.33 | 100.31 | |
| | | 1 | 44.33 | 30.75 | 1363.15 | |
| | | 1 | 1.00 | 14.00 | 14.00 | |
| | | F.F Slab Area...(B) | | | **1477.46** | **SqFt** |
| 3 | Stair Cabin | 1 | 21.00 | 14.00 | 294.00 | |
| | Elevation Slab | 1 | 4.25 | 14.00 | 59.50 | |
| | | Stair Cabin Slab Area...(C) | | | **353.50** | **SqFt** |

| | | |
|---|---|---|
| ***Total Slab Area A+B+C*** | **3438.42** | ***Total SqFt*** |

મંડળી ના નવા ભવન ના બાંધકામ મા કામ ના કરાર મુજબ સ્લેબ એરિયા નુ ટોટલ માપ ઉપર દર્શાવેલ વિગત મુજબ **3438.42** ચો.ફૂટ અને ચો.ફૂટ ના કરાર મુજબ નક્કી કરેલા ભાવ **1436 Rs.** મુજબ ટોટલ બિલ ની રકમ **4937571/- +18% GST** થાય છે.

ARK ENTERPRISE
PROPRIETOR

+91 94080 95959
Enterpriseark505@gmail.com
446, Nilkanth, Street 1, Lalavadar Bus Stop, Umiya Plot, Lalavadar, Amreli - 365601